'સ્પે. દિ. મુ. નં. ૨૨/૧૭ ( સ્પે. દિ. મુ. નં. ૬૭/૧૦(જુનો))

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

(૧) રેકર્ડ જોતા તા. ૧૩/૧૨/૧૦ ના રોજ સદર દાવો રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે અને તા. ૧૭/૧૧/૧૭ ના રોજ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઈ આવેલ છે અને સદર કામે આંક ૧૩ થી વાદીના વકીલશ્રીને તથા આંક ૧૫ થી વાદીને નોટીસ કરતા વાદીને નોટીસ તેઓના સરનામે મળી આવતા નથી તેવા "લેફ્ટ" શેરાથી વગર બજે અને વાદીના વકીલશ્રીને બજેલ પરત ફરેલ છે અને તેમ છતા કોઈ હાજર થયેલ નથી.

આજના દિવસે વાદી નો અને તેમના વિ.વ.શ્રીનો પોકાર કરાવતા તેઓ કે વાદી વતી કોઈ હાજર નથી. વીશેષમાં રેકર્ડ જોતા વાદીને સદર દાવો આગળ ચલાવવામાં કોઈ રસ નથી તેમ જણાઈ આવે છે અને વાદીને દાવો ચલાવવા અદાલત તરફથી પુરતી તકો આપવામાં આવેલ હોય વાદી તરફે કોઈ સ્પષ્ટ ખુલાશો રજુ ન હોય સી.પી.સી. ઓર્ડર ઓ. ૯ રૂલ ૩ની જોગવાઈ જોવામા આવે તો આ દાવાના કોઈ પક્ષકારો સુનાવણી બાદ હાજર થયેલ ન હોય તે સંજોગોમાં વાદીનો દાવો કાઢી નાખવાનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવો ઉચીત જણાય આવે છે.

(૩) પક્ષકારએ હાજર રહેવા જણાવેલ હોવા છતાં પક્ષકાર હાજર રહેલ ન હોય તેમજ વાદી ને આ કામ આગળ ચલાવવા પૂરતો સમય આપવા છતા વાદી દ્વારા કોઈ કાર્યવાહી કરવામા આવેલ ન હોય સી.પી.સી. ઓર્ડર ૯ રુલ ૧૨ તથા રૂલ ૩ સાથે વંચાણે લેતા દાવો ડીસમીસ કરી ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૬ ઠી માહે માર્ચ સને ૨૦૨૦ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો

તા. ૦૬/૦૩/૨૦૨૦
મુ. દ્વારકા.

**( હિતેશકુમાર ગીરીશભાઈ દામોદ્રા )**
પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ, દ્વારકા.
જજ કોડ– GJ01005